અપીલ અરજી નં.૧૦૨ તા.૧૬–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રામપ્રસાદ એલ. રાજભર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામપ્રસાદ એલ. રાજભરની તા.૬–૧૧–૦૯ ની અરજીથી આઈ ડી નં.૪૨૯ થી મુદ્દા નં.૧ થી ૭ ની તથા આઈ ડી નં. ૪૩૦ થી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગતી અરજી બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૬–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૦૨/૨૦૧૦–૧૧

શ્રી રામપ્રસાદ એલ. રાજભરની શ્રી રામપ્રસાદ એલ. રાજભરની તા.૬–૧૧–૦૯ ની અરજીથી આઈ ડી નં.૪૨૯ થી મુદ્દા નં.૧ થી ૭ ની તથા આઈ ડી નં. ૪૩૦ થી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગતી અરજી બાબતે ૯–૧૧–૦૯ ની અરજી બાદ તા.૧૧–૧–૧૦ સુધી વારંવાર વિનંતી કરવા છતાં માહિતી આપી નથી તેવું જણાવી લગભગ ૧૦૫ દિવસના વિલંબથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ થયેલ હોય તો તે અંગેનો પત્ર,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૩૮૫ તા.૨૩–૬–૧૦ થી થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને તથા અરજદારને મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત, અરજી અંગેની વિગત,જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીની વિગતો અને તેની સામેની નારાજગી તથા નહીં મળેલ માહિતીની વિગતો તેમજ દિન–૧૦૫ જેટલા અઘટિત વિલંબથી અપીલ કરવા માટે વાજબીપણું રજુ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/અરજી નં.૪૨૯–૪૩૦ તા.૩૦–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગતો, નોંધ વિભાગ, અરજદારને ઈન્સ્પેકશન અંગે પાઠવેલ પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૨૯/૪૩૦ તા.૯–૧૧–૦૯ ના રોજ ઈન્સ્પેકશન અંગે પાઠવેલ પત્રની નકલ, તા.૩૦–૧૧–૦૯ ના રોજ તક આપતો પત્રની નકલ, અરજદારની તા.૨૭–૧૧–૦૯ ના પત્રની નકલ, તા.૧–૧૨–૦૯ ના પત્રની નકલ, તા.૧૧–૧૨–૦૯ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૨૯ તા.૧–૧–૧૦ ના પત્રની નકલ, ઈસ્ટઝોનના વિવિધ સેવાઓમાં સંક્રાયેલા અધિકારીઓના નામ હોદ્દો અને વિભાગ અને મોબાઈલ સહિતની વિગતો, નોંધ વિભાગ, અરજદારનો તા.૧૧–૧–૧૦ ના પત્રની નકલ, અરજદારનો તા.૬–૨–૧૦ ના પત્રની નકલ, અરજદારને પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૨૯/૪૩૦ તા.૧–૨–૧૦ ના પત્રની નકલ, વરાછાઝોન તરફથી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને આરટીઆઈ/આ.નં. નં.૪૩૦ તા.૬–૧૧–૦૯ ના પત્રની નકલ, પત્ર નં.ઈ.ઝેડ/૪૩૦ તા.૧–૧–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૬–૧૧–૦૯ ની આઈ ડી નં.૪૨૯ થી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી તથા આઈ ડીં નં.૪૩૦ થી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગતી અરજી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૨૯ થી અરજદાર ધ્વારા માંગવામાં આવેલ વિવિધ વિષયોવાળી ઘણી બધી માહિતી છે જે માહિતી નિયત પ્રકારમાં અલાયદી નિભાવવામાં આવતી નથી. જેથી માંગ્યા મુજબની માહિતી માહિતી અધિકાર અધિનિયમની કલમ–૭(૯) અન્વયે ઓફિસ સમય દરમ્યાન તા.૧૭–૧૧–૦૯ ના રોજ ૪ થી ૬ કલાકે દફતરી ચકાસણી અર્થે આવી દફતરી ચકાસણી દરમ્યાન તમારા ધ્વારા નિર્દિષ્ટ કરેલી માહિતીની નકલો આપવામાં આવશે તેવું જણાવેલ. ત્યાર બાદ અરજદારે ઈન્સ્પેકશન મેળવેલ ન હોય કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારીએ પુનઃ પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/૪૨૯/૪૩૦ તા.૩૦–૧૧–૦૯ ના રોજ તા.૧૭–૧૧–૦૯ ના પત્રથી દફતરી ચકાસણી માટે પત્ર પાઠવવામાં આવેલ પરંતુ નિયત સમય અને તારીખે તમો હાજર રહયા નથી તેમ જણાવી ફરીથી એક તક આપી અરજીની માહિતી બાબતે દિન–૫ માં રૂબરૂ આવી દફતરી ચકાસણી કરશો અન્યથા આપને માહિતી મેળવવામાં રસ નથી તેમ સમજી અરજી દફતરે કરવામાં આવશે તેવું જણાવેલ છે.ત્યાર બાદ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૨૯ તા.૧–૧–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૧) આરટીઆઈ એકટ–૦૫ ના અમલ બાદ તા.૫–૧૧–૦૯ સુધીમાં આરટીઆઈ સેલમાં અરજી કરનાર તમામ અરજદારના નામ, પૂરા સરનામા અરજીનો આઈ ડી નંબર. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગયમા મુજબની માહિતી ઝોન ના વહીવટી ક્ષેત્રમાં અલગથી નિભાવવામાં આવતી નથી રૂબરૂ ચકાસણી દરમ્યાન તમારા ધ્વારા નિર્દિષ્ટ કરેલી માહિતીની નકલો તમને આપવામાં આવશે. તેવું જણાવેલ છે. (૨) આપના નિર્ણયથી નારાજ થઈ પ્રથમ અપીલ બીજી અપીલ ફરીયાદ કરનારા અરજદારના નામ સરનામા અરજદારની અરજીઓ અને એપેલેટ સમક્ષ માહિતી આયોગ સમક્ષ આપના ધ્વારા રજૂ થયેલા જવાબો રીમાર્કસ વગેરે તમામ પત્રોની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી ઝોન કચેરીના વહીવટી ક્ષેત્રમાં અલગ નિભાવવામાં આવતી નથી રૂબરૂ ચકાસણી દરમ્યાન તમારા

ધ્વારા નિર્દિષ્ટ કરેલી માહિતીની નકલો તમને આપવામાં આવશે જેની નોંધ લેશો તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) આરટીઆઈ સેલ ઈસ્ટઝોનના વરાછા ધ્વારા માહિતી ચાર્જ આપવા તા.૫–૧૧–૦૯ સુધીમાં આરટીઆઈ એકટ–૦૫ ના અમલ બાદ જે નાણા વસુલ કરી એકત્ર કર્યા હોય તે નાણા રકમની માહિતી આ એકત્ર કરેલ નાણા કઈ શાખામાં કયા ખાતા નંબરથી જમા થયા તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ પત્રક –એની માહિતી પૂરી પાડેલ છે. મુદ્દા નં.૪ આપની કચેરીના આરટીઆઈ સેલ માહિતી અધિકારી તથા તમામ પેટા વિભાગ શાખાઓના મ. જાહેર માહિતી અધિકારીઓના નામ હોદ્દા તથા ફોન નંબરની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ આ સાથે પત્રક –બી થી માહિતી પૂરી પાડેલ છે. મુદ્દા નં.(૫) આપશ્રીની કચેરીના આરટીઆઈ સેલ માહિતી અધિકારી સામે રાજય માહિતી આયોગ ધ્વારા ફરીયાદ થયાના અને અપીલ થયાના કેસમાં આયોગના નિર્ણયો જાહેર થઈ આપની કચેરીને ફરમાવ્યા હોય , ફાળવ્યા હોય તે તમામ નિર્ણયોના હુકમપત્રોની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી ઝોન કચેરીના વહીવટીક્ષેત્રમાં અલગથી નિભાવવામાં આવતી નથી. રૂબરૂ ચકાસણી દરમ્યાન તમારા ધ્વારા નિર્દિષ્ટ કરેલી માહિતીની નકલો તમને આપવામાં આવશે જેની નોંધ લેશો તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) આપની કચેરીના માહિતી અધિકારીના ઉપરી અધિકારીનું નામ હોદ્દો સરનામું અને ફોન નંબરની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ અધિકારીનું નામ ડે.કમિ.શ્રી (જન.) શ્રી મહેશસિંઘ છે સરનામું સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, સુરત ફોન નં.૯૭૨૪૩૪૫૦૦૨ છે. મુદ્દા નં.(૭) સુરત મહાનગરપાલિકા ધ્વારા જન જાગૃતિ અર્થે જન હિતાર્થે માહિતી અધિકાર ૨૦૦૫ સબંધી કોઈ માર્ગદર્શીકા પ્રકાશિત કરી હોય તો તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકા ધ્વારા જન જાગૃતિ અર્થે અને જનહિતાર્થે માહિતી અધિકારી –૨૦૦૫ સંબધી કોઈ માર્ગદર્શીકા પ્રકાશિત કરવામાં આવેલ ન હોય આપી શકાય એમ નથી તેવું જણાવેલ છે. તથા આઈ ડી નં.૪૩૦ થી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને કરવામાં આવેલ. જે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૪૩૦ તા.૬–૧૧–૦૯ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને અંશતઃ તબદીલ કરવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૩૦તા.૧–૧–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાના વરાછાઝોનના ઝોનલઓફિસર, કાર્યપાલક ઈજનેરો, ડે.ઈજનેરો, આકારણી અધિકારીઓ પર્સોનલ ઓફિસર ટીપી બાંધકામ શાખાના એરીયા ઈન્સ્પેકટરો તે તમામ અધિકારીઓની નીચે જણાવેલી માહિતી આપશો. મુદ્દા નં.(૧) કર્મચારીની સ્થાવર, જંગમ રોકડ મિલ્કત પગાર ખાતા નંબર, પગારની રકમ, મકાન, ગાડી ઘરેણા બેંબ બેલેન્સ બચત યોજનામાં સરકારી , અર્ધ સરકારી શેર બજાર વિગેરેમાં રોકેલા નાણા , જમીન વિગેરેની મિલ્કત દર્શાવતા પ્રમાણિત દસ્તાવેજો સાથેની કર્મચારી નામજોગ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી અલગથી નિભાવવામાં આવતી નથી જેથી ઓફિસર સમય દરમ્યાન તમે દફતરી ચકાસણી કરી તમારા ધ્વારા નિર્દિષ્ટ કરેલી માહિતીની નકલો આપવામાં આવશે. સદર માહિતીના મુદ્દા માટે ઝોન કચેરીથી તા.૬–૧૧–૦૯ ના રોજ પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ મુખ્ય કચેરી ખાતે અરજી તબદીલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) સુમપાની આપની કચેરીના ઉપરોકત દર્શાવેલ કર્મચારીઓ સામે નોકરી દરમ્યાન થયેલ ફરીયાદના પત્રોની નકલ, શોકોઝ નોટીસ, ખાતાકીય તપાસ લેવાયેલ નિર્ણય સંબંધી તમામ દસ્તાવેજોની પ્રમાણિત નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી અલગથી નિભાવવામાં આવતી નથી. જેથી તા.૫–૧–૧૦ ના રોજ ૪ થી ૬ કલાક ઓફિસ સમય દરમ્યાન દફતરી ચકાસણી કરી તમારા ધ્વારા નિર્દિષ્ટ કરેલી માહિતીની નકલો આપવામાં આવશે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) ઉપરોકત દર્શાવેલ કર્મચારીઓ કચેરીમાં કઈ જવાબદારી સંભાળે છે કયા કામ કરે છે તેમની પાસે કયા કામની કેટલી જવાબદારી અને સત્તા છે તેને લગતી પ્રમાણિત નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી અલગથી નિભાવવામાં આવતી નથી. જેથી તા.૫–૧–૧૦ ના રોજ ૪ થી ૬ કલાક ઓફિસ સમય દરમ્યાન દફતરી ચકાસ ણી કરી તમારા ધ્વારા નિર્દિષ્ટ કરેલી માહિતીની નકલો આપવામાં આવશે તેવું જણાવેલ છેમુદ્દા નં.(૪) ઉપરોકત કર્મચારીઓના કાર્યકાળ દરમ્યાન કર્મચારીની સવૈધાનિક જવાબદારી નોકરી વિષયક જવાબદારી હોવા છતાં તેમના કાર્ય ક્ષેત્ર વિસ્તારમાં કોઈ પણ પ્રકારનું ગેરકાયદેસર બાંધકામ કામ થયું હોય આવા કામ બાબતે કોઈ પણ વ્યકિતએ લેખિત ફરીયાદ કરી હોય તો તે તમામ ફરીયાદ અંગેના પત્રોની નકલો, ખોટુ કામ કરનાર ગેરકાયદેસર કામ કરનારના નામ સરનામા અને તેમની સામે કરવામાં આવેલી કાર્યવાહી માહિતી સબંધી તમામ પત્રોની પ્રમાણિત પત્રોની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી અલગથી નિભાવવામાં આવતી નથી. જેથી તા.૫–૧–૧૦ ના રોજ ૪ થી ૬ કલાક ઓફિસ સમય દરમ્યાન દફતરી ચકાસણી કરી તમારા ધ્વારા નિર્દિષ્ટ કરેલી માહિતીની નકલો આપવામાં આવશે તેવું જણાવેલ છે મુદ્દા નં.(૫) ઉપરોકત કર્મચારીઓ નોકરીના સ્થળે હાજર થાય અને નોકરીના સ્થળથી નોકરીના સમય બાદ વિદાય લે ત્યારે જે રજી. માં હાજરી પત્રકમાં સહી કરતા હોય તે તમામ પત્રોની પ્રમાણિત માહિતી. નોકરીના સમયની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી અલગથી નિભાવવામાં આવતી નથી. જેથી તા.૫–૧–૧૦ ના રોજ ૪ થી ૬ કલાક ઓફિસ સમય દરમ્યાન દફતરી ચકાસણી કરી તમારા ધ્વારા નિર્દિષ્ટ કરેલી માહિતીની નકલો આપવામાં આવશે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) ઉપરોકત દર્શાવેલ કર્મચારીઓની લાયકાત અંગેના પ્રમાણપત્રો નોકરીમાં જોડાયા તારીખ, કર્મચારીનું પુરુ નામ રહેઠાણનું પુરું સરનામું એસએમસી ધ્વારા આપવામાં આવેલ ફોન નંબર તથા તેમના આઈ કાર્ડ ઓળખકાર્ડ આપવામાં આવેલ હોય તો તેની પ્રમાણિત નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની માંગ્યા મુજબની મહત્તમ માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.suratmunicipal.gov.in પર મળી શકશે. જે વેબ સાઈટનો ઉપયોગ માહિતી મેળવવા તમો ન કરવા માંગતો હોય તો તમામ માહિતી સુરત મહાનગરપાલિકાના ઈન્ટ્રાનેટ કનેકટીવીટી ધ્વારા તમો ઓફિસ સમયમાં રૂબરૂ સંપર્ક કર્યેથી બતાવવામાં આવશે. અને રૂબરૂ ચકાસણી દરમ્યાન તમારા ધ્વારા નિર્દિષ્ટ કરેલી માહિતીની નકલો તમોને આપવામાં આવશે તેની નોંધ લેશો. તેવું

જણાવેલ છે. મુદ્દા નં.૭ ઉપરોકત કર્મચારીઓ કેટલા વર્ષથી સુરત મહાનગરપાલિકાના વરાછાઝોનમાં ફરજ બજાવે છે તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર માહિતીના મુદ્દા માટે ઝોન કચેરીએથી તા.૬–૧૧–૦૯ ના રોજ પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ મુખ્ય કચેરી ખાતે અરજી તબદીલ કરવામાં આવેલ છે. મુદ્દા નં.૮ ઉપરોકત દર્શાવેલ કર્મચારીઓની આંતરઝોન કચેરીમાં બદલી કરવા અંગેની કોઈ જોગવાઈ હોય તો નિયમો હોય તો તે તમામ નિયમોની જોગવાઈ આ અંગેના મ્યુ. કમિ. સુરતના હુકમો એસએમસીના ઠરાવો વગેરેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર માહિતીના મુદ્દા માટે ઝોન કચેરીએથી તા.૬–૧૧–૦૯ ના રોજ પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ મુખ્ય કચેરી ખાતે અરજી તબદીલ કરવામાં આવેલ છે. આમ અરજદારે આઈ ડી નં.૪૨૯ અને ૪૩૦ તા.૬–૧૧–૦૯ ની અરજીથી માહિતી માંગતી અરજી ઈસ્ટઝોન વરાછાઝોનને કરવામાં આવેલ. આ ઉપરાંત અરજદારે તા.૨૭–૧૧–૦૯, ૧–૧૨–૦૯, ૯–૧૨–૦૯,૧૧–૧૨–૦૯ ,૧૧–૧–૧૦ ના પાઠવેલા પત્ર બાબતે પણ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૨૯ અને ૪૩૦ થી જવાબ પાઠવેલ છે. વધુમાં અરજદારને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ ૨૬૫૮ તા.૨૪–૧૧–૦૯ થી મુદ્દા નં.૧ જણાવેલ અધિકારીઓ પૈકી મહેકમના રેકર્ડ ઉપર ઉપલબ્ધ અધિકારીઓના મિલ્કત સંદર્ભે રજૂ કરેલ ફોર્મની નકલ નંગ–૭ પુરી પાડવામાં આવેલ છે. જયારે ટીપી બાંધકામ શાખાના એરીયામાં ઈન્સ્પેકશનના નામો અંગેની સ્પષ્ટતા નથી. જયારે મુદ્દા નં.૮ અંગે જુદા જુદા ઝોન/ખાતાઓની રોજ બરોજના વહીવટી કામગીરી /તંત્રની જરૂરીયાત તેમજ અન્ય પરીબળોને ધ્યાને લઈ વખતોવખત સક્ષમ સત્તા ધ્વારા બદલીના હુકમ કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. અરજદારે તા.૧–૧૨–૦૯ ના ડે.કમિશ્નર(પઅનેઈ) ને પાઠવેલ પત્રમાં મુદ્દા નં.૧ સબંધી અધિકારીઓ પૈકી સાત અધિકારીઓ પ્રોપર્ટીના ફોર્મ મળ્યા છે. તેવું જણાવેલ છે. તથા મુદ્દા નં.૮ અંગે સક્ષમ સત્તાનો શબ્દ પ્રયોગ કરેલ છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૬–૬–૧૦ ના રોજ માહિતી આપી નથી તેવી રજૂઆત કરી અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે જાહેર માહિતી અધિકારીએ અરજી નં.૪૨૯ અને ૪૩૦ ની માહિતી તથા તા.૨૭–૧૧–૦૯ ૧–૧૨–૦૯, ૯–૧૨–૦૯,૧૧–૧૨–૦૯ ,૧૧–૧–૧૦ બાદ આપી નથી. જે બાબતે ઉપરોકત વિગતો જોતાં જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત વિવરણમાં જણાવ્યા મુજબ માહિતી આપવામાં આવેલ છે. વધુમાં અપીલ અરજીમાં અરજદારે દફતરી ચકાસણી કે રેકર્ડ ઉતારાની અરજી કરી નથી અમારે દફતરી ચકાસણી કરવી નથી પરંતુ મૌજુદ દસ્તાવેજોની પ્રમાણિત નકલ ન મળતા આ અપીલ કરીએ છીએ. જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી છુપાવી છે તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને વારંવાર ઈન્સ્પેકશન આપવા બાબતે પણ જણાવવામાં આવેલ છે જાહેર માહિતી અધિકારી ધ્વારા ઈન્સ્પેકશન આપવા બાબત આરટીઆઈ કાયદા સાથે સુસંગત છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામાં આવેલી માહિતીનો કાયદાનુસાર તમામ પ્રયત્ન કરવામાં આવેલ છે. વધુમાં અરજદારે કોઈ પણ આધાર કે વાજબીપણું રજૂ કર્યા વગર માહિતી છુપાવવાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી આઈ ડી નં.૪૩૦ ના મુદ્દા નં.૭ ની માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. તથા અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી આઈ ડી નં.૪૨૯ ના મુદ્દા નં.૧,૨ અને ૫ તથા આઈ ડી નં.૪૩૦ ના મુદ્દા નં.૧ થી ૫ ની માહિતીનું ઈન્સ્પેકશન આપવાની તૈયારી દર્શાવેલ હોય અરજદાર ઈચ્છુક હોય તો સદર મુદ્દાનું ઈન્સ્પેકશન કરી માહિતી મેળવી શકે છે.

સમગ્ર હકીકત વિશ્લેષણ કરતાં અરજદારે જાહેર માહિતી અધિકારીના કાર્યક્ષેત્ર હેઠળની નિર્દિષ્ટ અધિકારી/કર્મચારીઓની અને માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી/પ્રથમ અપીલ/બીજી અપીલ અને તેની કાર્યવાહીને લગતા તમામ કાગળોને લગતી વ્યાપક સ્વરૂપની માહિતી કાયદાની કલમ–૭(૫) હેઠળ બીપીએલ કાર્ડ અન્વયે વિના મૂલ્યે માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા ઘણી જ વ્યાપક સ્વરૂપની માહિતી હોઈ અરજદારને લાગત દફતરની તપાસણી માટે પુનરાવર્તિત તકો આપેલ છે. તે જોતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએ માહિતીના ઈન્કારનો કોઈ પ્રથમદર્શી કેસ બનતો નથી. સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં કર્મચારી/ અધિકારીઓની ડીરેકટરી ઉપરાંત તેમની નિમણુંક તારીખ/બદલીની તારીખ/વેતનની વિગતો/હોદ્દો/ જાતિ/ કક્ષા વિ. જાહેર સ્ત્રોત હેઠળ મુકવામાં આવેલ છે. અરજદાર તે મેળવવા સ્વતંત્ર છે. છતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઈન્ટ્રાનેટના માધ્યમથી પણ આ સઘળી માહિતી અરજદાર ધ્વારા કચેરીનો સંપર્ક કર્યેથી તપાસણીના માધ્યમથી ઉપલબ્ધ કરાવવા ઉપરાંત ખપ પૂરતી નકલો પૂરી પાડવા તૈયારી દર્શાવેલ છે. તેમ છતાં જાહેર સત્તા મંડળ હેઠળની અમર્યાદિત કહી શકાય તે પ્રકારની વ્યાપક માહિતીના કાગળોની નકલો બીપીએલ કાર્ડ હેઠળ મેળવવાનો અરજદારનો દુરાગ્રહ કાયદાના આમુખથી ચરિતાર્થ થયેલ જોગવાઈ અનુસાર સરકારના કાર્યક્ષમ સંચાલન અને મર્યાદિત નાણાકીય સંશાધનનો મહત્તમ ઉપયોગ તથા અન્ય જાહેર હિતો સાથે અરજદારની માહિતી માંગણી વાસ્તવમાં સંઘર્ષમય બનાવે છે. અને તેવા કિસ્સામાં લોકશાહી આદેશોની સર્વોપરિતા જાળવી રાખી સંઘર્ષમય હિતોનું સંતુલન નિભાવી કેટલીક ચોકકસ માહિતી જાહેર કરવાનું કાયદાના આમુખથી ઠરાવેલ છે. જાહેર માહિતી અધિકારીનો અભિગમ કાયદાની કલમ–૭(૯) સાથે આ જોગવાઈથી સુસંગત જણાય છે. અરજદાર વિલંબિત અપીલ અંગે વાજબીપણું રજૂ કરવામાં નિષ્ફળ રહેલ છે. તે જોતાં કલમ–૧૯(૧) થી ઠરાવેલ સમય અવધિ ધ્યાને લેતાં અપીલ ગ્રાહય રાખવા પાત્ર થાય નહીં તેમ છતાં કાયદાની કલમ–૨૫ અન્વયે કાયદાની ભાવના અને હાર્દ ધ્યાને લઈ ગ્રાહય રાખવામાં આવેલ છે.

**હુકમ**

**અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અરજદારની તા.૬–૧૧–૦૯ ની અરજીથી આઈ ડી નં.૪૨૯ અને ૪૩૦ થી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉપરોકત જણાવ્યાનુસાર અરજદાર ઈચ્છુક હોય તો ઉપરોકત જણાવેલ આઈ ડી નં.૪૨૯ ના મુદ્દા નં.૧, અને ૫ તથા આઈડી નં.૪૩૦ ના મુદ્દા નં.૧ થી ૬ ની દફતરી તપાસણી કરી ખપ પૂરતી માહિતીની ની નકલો મેળવી શકે છે. તેમજ અરજદારને આઈ ડી નં.૪૩૦ મુદ્દા નં.૭ ની નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે. ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગતો માહિતીના ઈન્કારનો કેસ બનતો ન હોઈ તે અંગે વિશેષ કોઈ અપીલીય કાર્યવાહી કરવાનો પ્રશ્ન રહેતો નથી.**

**નં.આરટીઆઈસેલ/**
**તારીખ : –૭–૧૦**

**ડે.કમિશ્નર (જનરલ)**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ,**
**(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ......જાણ તથા અમલ માટે**
**(૨) શ્રી રામપ્રસાદ એલ. રાજભર**